## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બહેન સિવિલ હોસ્પીટલનાં નવિનીકરણ બાદ... ઈન્જેકશન લેવાની આજ સિસ્ટમ રહેશે કે... કાંઇ નવુ લાવશે...!!



સેક્ટર-૫ માં સીએનજી પંપની પાછળના ઝાડી વિસ્તારમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. અચાનક આગ લાગતા આ આગ નજીકના ઝુંપડાઓ સુધી પહોંચી હતી. ઝુંડપડામાં રહેતા વડીલ મહિલાએ સમયસૂચકતા વાપરી આગ વિકરાળ બને તે પહેલા ઓલવી નાંખી હતી.

# મેદરા રેલ્વે ટ્રેક પર માલગાડીની અડફેટે ૭૦ બકરાના મોત



ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના મેદરા ગામની સીમમાંથી પસાર થતા રેલ્વે ટ્રેક પર હિંમતનગર થી અમદાવાદ જતી માલગાડીની અડફેટે ૭૦ થી વધુ બકરાના મોત થયા છે. રેલ્વે ટ્રેક પર અડધા કિલોમીટર સુધી મૃત બકરા નજરે પડે છે. ત્યારે આટલી મોટી સંખ્યામાં બકરા મોતને ભેટતા પશુપાલકોની હાલત કફોડી બની જવા પામી છે. તો બીજીતરફ હિંમતનગર રેલ્વે પોલીસ તંત્ર દ્વારા ત્રણ પશુપાલકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મેદરા રેલ્વે ટ્રેક પર માલગાડીની અડફેટે ત્રણ પશુપાલકોના ૭૦ જેટલા બકરા મોતને ભેટ્યા છે. ગતરોજ પશુપાલકો બકરા લઈને ચરાવવા માટે નીકળ્યા હતા અને ત્યારબાદ ઘર તરફ પરત આવી રહ્યા હતા.તે સમયે બકરા માલગાડીની અડફેટે ચડી ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. માલગાડી પસાર થઈ રહી હતી તે સમયે એક પછી એક બકરાને ટક્કર વાગતા ટ્રેક પર મૃત બકરા નજરે પડતા હતા. પશુપાલકોની નજર સામે આટલી મોટીસંખ્યામાં પશુધન તરફડીયા મારીને મોતને ભેટતા પશુમાલિકોની હાલત કફોડી બની જવા પામી છે. બનાવની જાણ થતા પશુમાલિકોના પરિવારના સભ્યો આવી જતા બકરાના મૃત્યુને પગલે કાગારોળ મચી ગઈ હતી. બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. જયારે બનાવની જાણ થતા હિંમતનગર રેલ્વે પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને રેલ્વેના નિયમ મુજબ ત્રણેય પશુપાલકોની અટકાયત કરી દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે.

### સેકટર-૧૩ સ્થિત અલ્ટ્રાટેક સિમેન્ટના ગોડાઉનની ઘટના

# ટ્રેલરના તોંતિગ પૈંડા શ્રમિકના પગ ઉપર ફરી વળતા મૃત્યુ

ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૧૩ અલ્ટ્રાટેક સિમેન્ટના ગોડાઉનની દિવાલની બાજુમાં આરામ કરી રહેલા શ્રમિક ઉપર ગઈરાત્રીએ ટ્રેલર રીવર્સ લેતા સમયે તેના તોંતિગ પૈંડા ફરી વળતા શ્રમિકના પગ ચગદાઈ ગયા હતા. બનાવને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા.જયારે ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. ત્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવારઅર્થે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા.જયાં સારવાર દરમિયાન શ્રમિકે અંતિમ શ્વાસ લીધા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના સેકટર-૧૩ પ્લોટ નં.૧૦૪ ખાતે અલ્ટ્રાટેક સિમેન્ટના ગોડાઉન ઉપર રામનરેશ રામદયાલ ચંદેલ (રાજપુત) છેલ્લા ચાર વર્ષથી ગામના વ્યકિતઓ સાથે રહીને મજુરીકામ કરે છે. તેની સાથે તેના મોટાબાપાનો દિકરો સંજય વિરેન્દ્રસિંહ ચંદેલ પણ મજુરીકામ માટે રાજસ્થાનથી આવ્યો હતો. ત્યારે ગઈકાલે સોમવારના રોજ રામનરેશ ચંદેલ ગોડાઉનની બહારની સાઈડમાં આવેલા ઢાબા ઉપર જમવા માટે ગયો હતો. જયારે તેનો પિતરાઈ ભાઈ સંજય જમીને આવીને ગોડાઉનની દિવાલની બાજુમાં આરામ કરતો હતો. તે દરમિયાન ગામનો કેવલસિંહ ગોવિંદસિંહ રાજપુતે જઈને રામનરેશને કહ્યું હતુ કે તારો ભાઈ સુઈ ગયો હતો એ વખતે ટ્રેલર નં.જી.જે. ૧૨.બી. એકસ.-૫૯૦૭ના ચાલકે તેનું ટ્રેલર રીવર્સ કરતા સમયે તારા ભાઈના બંન્ને પગ પરથી ટ્રેલરના પૈંડા ફરી વળતા પગ કચડાઈ ગયા હતા. આ સાંભળી રામનરેશ શેઠને વાત કરતા તેઓ ગોડાઉન પર આવી ગયા હતા અને તાત્કાલીક ૧૦૮ને જાણ કરી હતી. ટ્રેલરના પૈંડા ફરી વળતા પગમાંથી લોહી વહેતુ હતું. ત્યાં ટ્રેલરનો ચાલક પણ હાજર હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા શ્રમિકને ગાંધીનગર અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયો હતો.જયાં યુવકનું સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# લવારપુર પેટ્રોલપંપની ઓફિસમાંથી રૂ.૯૦ હજાર લુંટી બે શખ્સ ફરાર

## ફિલરને પણ લુંટારઓએ ગડદાપાટુનો માર માર્યો

ગાંધીનગર,તા.૭

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગુનાખોરી વધી રહી છે. ત્યારે ગઈકાલે રાત્રીના સમયે શહેર નજીક આવેલા લવારપુરના પેટ્રોલ પંપ ઉપર આવી ચડેલા બે શખ્સોએ કર્મચારીને માર મારી ઓફિસમાંથી રોકડ રૂ.૮૯,૫૦૦ ની લુંટી રાત્રીના અંધકારમાં પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજયના પાટનગરમાં ગંભીર ગુનાઓનું પ્રમાણ રોકેટગતિએ વધી રહ્યું છે. તો બીજીતરફ આરોપીઓને પકડવામાં પોલીસના હાથ ટુંકા પડતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે આ પરિસ્થિતિમાં ગાંધીનગરમાં વાહનચોરી અને ઘરફોડ ચોરીએ માજા મુકી છે. ત્યારે લવારપુર ગામ પાસે સર્વિસ માર્ગ પર આવેલા પેટ્રોલ પંપ પર બે લુંટારૂઓએ ત્રાટકી લુંટને અંજામ આપ્યો હતો.પ્રાંતિજના ઝાલાની મુવાડી ખાતે રહેતા અને લવારપુર પેટ્રોલપંપ પર ફિલર તરીકે કામ કરતા ચિરાગસિંહ ગજેન્દ્રસિંહ ઝાલાએ ફરીયાદ નોંધાવી છે કે રાત્રીના સાડા આઠ વાગ્યાના સમયે તે પેટ્રોલ પંપ ઉપર હાજર હતો. તે સમયે બે શખ્સો પેટ્રોલ પંપ પર આવીને ઓફિસમાં ઘુસી ગયા હતા.

જેથી તે ઓફિસમાં જતા બે લુંટારૂઓએ તેને ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે ઓફિસમાં ડ્રોવરમાં રહેલા રૂ.૮૯,૫૦૦ લઈ રફુચકકર થઈ ગયા હતા.જેથી ચિરાગસિંહે પેટ્રોલપંપ માલિકને જાણ કરી હતી.

પેટ્રોલ પંપના માલિકની ફરીયાદ લઈ ડભોડા પોલીસે લુંટારૂઓને પકડી પાડવા માટે આગળની તપાસ હાથ ધરી છે.

### ઐસા ભી હોતા હૈ : શહેરનું નવું કૌતુક એટલે 'ફાયર પાન'

ગાંધીનગર, તા.૦૬૭

ગાંધીનગર ભલે શહેર નાનું રહ્યું પરંતુ અંહી એકથી એક ચઢિયાતી બાબતોનો સંગમ જોવા મળે છે જે પાટનગરને એક નવી જ ઓળખ આપે છે. શહેરમાં આજકાલ ફાયર પાન એ ભારે કૌતુકનો વિષય બન્યાં છે અને તેને માણવા પાનરસિયાઓ લાઈન લગાવે છે. શહેરના ઘ-૨ સર્કલ પાસે પટેલ પાર્લરની બાજુમાં ખુશ્બુ પાન પોઈન્ટના નવીનભાઈ જયસ્વાલ વર્ષોથી તેમના મીઠાં પાનની વેરાયટી માટે જાણીતા છે અને હવે તેમના દ્વારા શરૂ કરવામાં આવેલાં ફાયર પાનતો ગજબનું આકર્ષણ બની રહ્યાં છે. આ ફાયર પાનમાં તેવો સળગતા પાનનું બીડુંવાળીને તે સીધાં ગ્રાહકના મ્હોંમાં મુકી આપે છે અને તેને નિહાળવા તેમજ એકવાર માણવા દૂર દૂરથી પાન રસિયાઓ આવે છે. આમ પણ શહેરના ઘ-૨ આસપાસના વિસ્તાર સહિત ઈન્ફોસિટી, કુડાસણ, સરગાસણ જેવા વિસ્તારોથી માંડીને છેક નાંદોલ-દહેગામથી પણ તેમના પાનના આશિકો તેમના ગલ્લે પાન ખાવા આવે છે.

# શહેરની સિવિલ હોસ્પિટલના રેડીયોલોજી વિભાગમાં હોબાળો

ગાંધીનગર તા.૭

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં બપોરના સમયે રેડીયોલોજી વિભાગમાં ડોકટર ન હોવાથી દર્દીઓએ હોબાળો મચાવ્યો હતો. જો કે હોબાળો થતા સિવિલના સત્તાધિશો પણ રેડીયોલોજી વિભાગ ખાતે દોડી આવ્યા હતા. રેડીયોલોજી વિભાગમાં ડોકટરની અછતને પગલે અવારનવાર હોહા થતી રહે છે. મળતી વિગત મુજબ શહેરની સિવિલમાં રેડીયોલોજી વિભાગમાં ડોકટર્સ ન હોવાની બુમ ઉઠવા પામી છે. તાજેતરમાં બદલી થઈને આવેલા રેડીયોલોજી વિભાગના ડોકટર સવારે મોડા આવીને ગણતરીનો સમય બેસી જતા રહેવાની દર્દીઓ દ્વારા ફરીયાદો ઉઠી છે. તો બીજીતરફ ૧૧ માસના કરાર આધારીત ડોકટરના કોન્ટ્રાકટ રીન્યુ ન થયા હોવાથી તેઓ સિવિલમાં આવતા નથી.જેને પગલે રેડીયોલોજી વિભાગમાં દર્દીઓને પારાવાર



મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ડોકટર ન હોવાથી રેડીયોલોજી વિભાગમાં દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. જયારે રેડીયોલોજી વિભાગમાં કેટલાક ડોકટર્સ સ્ટાફ સાથે પણ ગેરવર્તણુક કરીને રોફ મારતા હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે આજે બપોરના સમયે એકપણ ડોકટર હાજર ન હોવાથી દર્દીઓએ હોબાળો મચાવ્યો હતો. સિવિલના સત્તાધિશો સુધી વાત પહોંચતા તેઓ તાત્કાલીક દોડી આવ્યા હતા અને સમસ્યાનું સમાધાન કર્યુ હતું. ઉલ્લેખયનીય છે કે રેડીયોલોજી વિભાગના એક ડોકટરની તાના શાહીથી કંટાળી કેટલાક અન્ય ડોકટરે રાજીનામાં ધરી દીધા હોવાનું પણ સિવિલના સુત્રો માંથી જાણવા મળ્યું છે.

# ગુજરાત પોલીસ દ્વારા પ્રથમ વખત મહિલા પોલીસ અધિકારી/કર્મચારીઓની ડી.જી.પી. ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સરકાર તરફથી મહિલા સશક્તિકરણના ઉદ્દેશથી ગુજરાત પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજ્યના અભિગમ હેઠળ ગુજરાત પોલીસ દ્વારા પ્રથમ વખત મહિલા ડી.જી.પી. ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત પોલીસ ડી.જી.પી. ક્રિકેટ ટુર્નામેન્ટના નોડલ અધિકારી અને નાયબ પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારીની આગેવાની હેઠળ આ મહિલા ડી.જી.પી. ક્રિકેટ ટુર્નામેન્ટનું તા. ૭-૮-૯ ફેબ્રુઆરી-૨૦૨૩ ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમી સેક્ટર-૮ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ મહિલા ડી.જી.પી. ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે સમગ્ર ગુજરાત રાજ્ય પોલીસદળમાં ફરજ બજાવતી મહિલા અધિકારી/કર્મચારીઓનું સ્થાનિક લેવલે સિલેક્શન કરી ટીમ બનાવી આ સમગ્ર ટુર્નામેન્ટમાં ગુજરાત પોલીસના મહિલા અધિકારી/કર્મચારીઓની કુલ ૧૩ ટીમોએ ભાગ લીધેલ અને આ મહિલા ડી.જી.પી. ક્રિકેટ ટુર્નામેન્ટનું તા. ૭-૨-૨૩ના રોજ અધિક પોલીસ મહાનિર્દેશક અનુપમસિંહ ગેહલોત તેમજ ગુજરાત પોલીસ ડી.જી.પી. ક્રિકેટ ટુર્નામેન્ટના નોડલ અધિકારી અને નાયબ પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી તથા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાના વરદહસ્તે ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમી સેક્ટર-૮ ખાતે ગુજરાત રાજ્યમાં પ્રથમ વખત મહિલા ડી.જી.પી. ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ કરવામાં આવ્યો છે.

**ગુજરાત પોલીસની મહિલા અધિકારી/કર્મચારીઓની ટીમોની યાદી**

| | | |
|---|---|---|
| અમદાવાદ શહેર | ગાંધીનગર રેન્જ | સુરત શહેર |
| અમદાવાદ રેન્જ | પોલીસભવન ડીજીપી ટીમ | જુનાગઢ રેન્જ |
| વડોદરા શહેર | રાજકોટ શહેર | એસ.આર.પી. ટીમ |
| વડોદરા રેન્જ | રાજકોટ રેન્જ | તાલીમ વિભાગ |
| | | જેલ વિભાગ |



ફેબ્રુઆરી માસના પ્રારંભે ધીમે ધીમે ઠંડી ઓછી થઈ રહી છે. દિવસ દરમ્યાન વાતાવરણ હુંફાળુ લાગે છે. ક્યારેક તડકો પણ આકરો લાગે છે. જોકે હજુ સાંજના સમયે ઠંડક જળવાઈ રહી છે. રાત્રે સ્વેટર પહેરવાની જરૂરીયાત હજુ જળવાઈ રહી છે. વહેલી સવારે ક્યારેક ધુમ્મસભર્યુ વાતાવરણ રહે છે. સવારે ઝાકળવર્ષા પણ ખૂબ થાય છે. બેવડી ઋતુનો અનુભવ હાલમાં થઈ રહ્યો છે.

# ચંન્દ્રાલા ઉમા સંસ્કાર તીર્થ ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનો ૩૦મો સમુહલગ્ન સંપન્ન




ચિલોડા, તા. ૭

હાલમાં લગ્નસરાની સિઝન પુરબહાર ખીલી ઉઠી છે. ત્યારે મહા વદ-૨ના મંગળવારના રોજ ગાંધીનગર તાલુકાના ચંન્દ્રાલા ઉમા સંસ્કારતીર્થ ખાતે ૪૨/૮૪ કડવા પાટીદારનો ૩૦મો સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનો ૩૦મો લગ્નોત્સવમાં ૧૪ નવદંપતિઓએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રભુતામાં પગલાં માંડ્યા. સમાજના જ્ઞાતિબંધુઓ દ્વારા રોકડ કન્યાદાન સમુહ લગ્ન સમિતિને તથા વિવિધ સ્વરૂપે દાનનો પ્રવાહ વહેવડાવ્યો હતો. દરેક કન્યાઓને ઉમિયા ઓવરસીસ તરફથી એક્ટીવા ભેટદાન કરતા ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. એક્ટીવા ભેટદાન સમાજ માટે પ્રેરણારૂપ ઉત્તમ દૃષ્ટાંત પુરૂ પાડતા સૌએ આવકાર અને આભાર માન્યો હતો. સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં સમાજના જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહી નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતા.

# વરેણ્યંમ્ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ સુગમ સંગીતના કાર્યક્રમનો ભારે આવકાર




ગાંધીનગર, તા. ૭

માતૃભાષાનાં ગીતોને પ્રોત્સાહન અને યોગ્ય મંચ આપવાના ઉદ્દેશ્યથી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી પ્રસિદ્ધ સંસ્થા વરેણ્યંમ્ ફાઉન્ડેશન દ્વારા ગુજરાતી સુગમ સંગીતનાં કાર્યક્રમનું જાહેર આયોજન અમદાવાદ ખાતે યોજાયો હતો. મુંબઈથી પધારેલ પ્રસિદ્ધ સુગમ સંગીત ગાયક, ગુજરાતી અને હિન્દી ફિલ્મોનાં સંગીતકાર આલાપ દેસાઈ સાથે અમદાવાદનાં પ્રસિદ્ધ ગાયક, સ્વરકાર પ્રહર વોરા અને કૂ. ગાર્ગી વોરાએ ગુજરાતી ગીત અને ગઝલની પ્રસ્તુતિ કરી હતી. જાણીતી રચનાઓની સાથે જ અનેક નવી રચનાઓ પણ રજૂ કરવામાં આવી જે પ્રેક્ષકોએ ખૂબ દાદ આપ્યો હતો. મંચ સંચાલન વિદ્વાન લેખિકા, પ્રાધ્યાપિકા અને રેડિયો આર્ટિસ્ટ માર્ગીહાથી દ્વારા કરવામાં આવ્યુંહતું. સમગ્રકાર્યક્રમનુંસંકલન જીગર રાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખૂણેખાંચરેથી

- અધિકારીઓ અને કર્મયોગીઓએ આજે ઓફિસકામના થયેલા ભરાવાના નિકાલને અગ્રતા આપી હતી. જોકે વચ્ચે વચ્ચે મુલાકાતીઓને પણ સમય ફાળવતા નજરે પડ્યા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. હવે શહેર-જિલ્લાને કોરોના મુક્ત જાહેર કરવાની કાર્યવાહી હાથ ધરાશે તેમ જાણવા મળેલ છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૭ અને શહેરમાં ૩૦ લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.
- રાજયના સનદી અધિકારી જે.પી. ગુપ્તાએ મોહમદ માંકડને શ્રદ્ધાંજલિ આપતા લખેલા લેખમાં ગુજરાતી સાહિત્ય પ્રત્યેની તેમની રૂચિને ઉજાગર કરી રહી છે.
- ૨૦૨૩ના અંત સુધીમાં રાજયના છ સનદી અધિકારીઓ વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થશે.
- આજે ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી સહિત રાજ્યની વિવિધ આર.ટી.ઓ. કચેરીનુ સર્વર ડાઉન થતાં વાહનમાલિકો પરેશાન થયા હતા.
- નાગરિક પુરવઠા નિગમની કચેરી નજીક આજે ગમખ્વાર અકસ્માતમાં એક ગૃહીણી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે.
- કલોલ રેફરલ હોસ્પિટલની પાછળ આવેલ ટાંકી કનેક્શનના અભાવે દેખાવ પૂરતી બની હોવાની ચર્ચા શહેરમાં જાગી છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એમ.આર.આઈ. મશીન ન હોવાથી દર્દીઓની પરેશાની વધી છે.
- ચંદ્રાલા ઉમા સંસ્કારતીર્થ ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનો ૩૦મો સમૂહ લગ્ન સમારોહ સંપન્ન થયો છે. જેમાં ૧૪ નવદંપતિઓએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.
- દહેગામ પોલીસે ૯૯૪ લીટર દેશી દારૂ સહિત એક ઈસમની ધરપકડ કરી છે.
- કલોલમાં ૪ શખ્સોએ સામાન્ય બાબતે એક મહિલાને માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે.
- પાટનગર માટે જમીન આપનાર બાસણ ગામના ખેડૂતોની વેદના તંત્ર દ્વારા નહિ સાંભળવામાં આવતાં ગ્રામજનોમાં રોષની લાગણી જન્મી છે.
- માણસા તાલુકાની ધમેડા પ્રા. શાળાનો ૭૩મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો.
- પલિયડ ગામે આયુર્વેદ નિદાન કેમ્પનું આયોજન કરાયુ હતુ.
- ગાંધીનગરના તારાપુરમાં વ્યસનમુક્તિ રેલીનું આયોજન કરાયુ હતુ.

### મોટી છાસઠ જુથ નાયી સમાજ કલોલ આયોજીત ૨૯ મો સમૂહ લગ્નોત્સવ

મોટી છાસઠ જુથ નાયી સમાજ દ્વારા ૨૯મો સમૂહ લગ્નોત્સવ તારીખ ૧૧-૨-૨૦૨૩ સંવત -૨૦૭૯ ,મહાવદ -૫ ને શનિવાર નાં રોજ લિંબચ માતાજી ના મંદિર , કલોલ ખાતે યોજાનાર છે.જેમા ગણેશ સ્થાપન સવારે ૭-૧૫ કલાકે,મંડપ મુહૂર્ત સવારે ૭-૪૫ કલાકે, ગૃહ શાંતિ સવારે ૮-૧૫ કલાકે ગોત્રીજો સવારે -૯ કલાકે, હસ્ત મેળાપ બપોરે ૨-૩૯ કલાકે, સમસ્ત જ્ઞાતિજનો ની ઉપસ્થિત માં ૧૨ યુગલો હિન્દુ શાસ્ત્રોક વિધી થી જીવન ની કેડીએ રૂડાં પગલાં માંડશે તો આ યુગલો ને આશીર્વાદ આપવા ઉપસ્થિત રહેવા હાર્દિક નીમંત્રણ પાઠવ્યું હતું.

**નામ બદલેલ છે**

મારું જુનું નામ શુક્લા માનસી મુકેશ હતું. જે બદલીને મારું નવું નામ શુક્લા માનસી મુકેશકુમાર રાખેલ છે.

સરનામું :
૫૫૮/૬, શ્રીધર એપાર્ટમેન્ટ, સેક્ટર નં.૨૩, ગાંધીનગર